ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# રાજ્યના ૭૦ સિનિયર IPS અધિકારીઓની બદલી કરાઈ

**ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આઈપીએસ અધિકારીઓની બદલીના ઓર્ડર પર મોહર લગાવી છે : જીએસ મલિકને અમદાવાદના નવા CP બનાવાયા**

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતમાં ફરી એકવાર બદલીઓનું ભૂત ધ્રૂણ્યું છે. જેમાં એક ઝાટકે ૭૦ IPS અધિકારીઓની બદલી કરવામાં આવી છે. ઘણા સમયથી રાજ્યમાં આઈપીએસ અધિકારીઓની બદલીને લઈને અટકળો ચાલતી હતી. આખરે આ બદલીનો ઓર્ડર આવી ગયો છે. આ સાથે રેન્જ આઈજીની પણ બદલી કરવામાં આવી છે. હવે અમદાવાદને ફૂલ ટાઈમ પોલીસ કમિશનર મળ્યા છે. અમદાવાદ શહેરના પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ નિવૃત થયા બાદ પ્રેમવીર સિંહ પાસે અમદાવાદ કમિશનરનો ચાર્જ છે. ત્યારે હવે અમદાવાદ શહેરને નવા કમિશનર મળ્યા છે. જ્ઞાનેન્દ્રસિંહ મલિકને અમદાવાદના પોલીસ કમિશનર બનાવવામાં આવ્યા છે. જ્યારે પ્રેમ વીર સિંહને અમદાવાદ રેન્જ આઈજી બનાવામાં આવ્યા છે. નિલેશ જાંઝળીયાને જુનાગઢ રેન્જ આઈજી બનાવામાં આવ્યા છે. આ ઉપરાંત ડેપ્યુટેશન પર ગયેલા અધિકારીઓની પણ બદલી કરવામાં આવી છે.

ગુરૂવારે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે IPS અધિકારીઓની બદલીના ઓર્ડર પર મોહર લગાવી છે. જેમાં ૫૦થી વધુ IPS અધિકારીઓની બદલીના ઓર્ડર થવાના અણસાર આપ્યા હતા. આ સિવાય અમદાવાદના પોલીસ કમિશ્નરનું પણ નામ જાહેર કરાયું છે. ૧૫થી વધુ જિલ્લાઓના DSP સહિત પોલીસ કમિશનર અને રેન્જ IG સહિતની બદલીઓ થશે.

# જિલ્લામાં વરસાદની મોસમનો અનોખો મિજાજ તાલુકાવાર આંકડાની સ્થિતિમાં ભારે અસમાનતા

**દહેગામ તાલુકામાં સૌથી વધુ ૬૫ ટકા જયારે કલોલમાં સૌથી ઓછો ૨૯.૪૪ ટકા વરસાદ : જિલ્લામાં સરેરાશ વરસાદ ૫૦ ટકા : શહેરમાં ૬૪ ટકા : જુલાઇના અંતિમ દિવસો તેમજ ઓગષ્ટના પ્રથમ સપ્તાહમાં હજુ ભારે વરસાદની સંભાવના**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર જિલ્લામાં ચોમાસાની શરૂઆત આ વર્ષે ધમાકેદાર થઇ છે. મેઘરાજાનો તોફાની મિજાજ ચારેકોર ચર્ચામાં છે. સમગ્ર રાજયમાં વરસાદે બઘડાટી બોલાવી છે જેના લીધે સૌરાષ્ટ્ર સહીતના વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ વચ્ચે વરસાદે ભારે નુકશાન પણ કર્યુ છે. ગાંધીનગર જિલ્લામાં પણ સિઝનના સરેરાશ વરસાદ સામે અત્યાર સુધી ૫૦ ટકા વરસાદ થઇ ગયો છે જેમાં સૌથી વધુ વરસાદ દહેગામ તાલુકામાં ૬૫ ટકા અને સૌથી ઓછો વરસાદ કલોલ તાલુકામાં ૨૯.૪૪ ટકા નોંધાયો છે. શહેરમાં સિઝનનો વરસાદ ૬૪ ટકા જેટલો રહ્યો છે. જો કે જિલ્લામાં તાલુકાવાર વરસાદના આંકડામાં ભારે અસમાનતા જોવા મળે છે. જો કે હજુ આગામી દિવસોમાં ભારે વરસાદ થવાની પણ સંભાવના હવામાન વિભાગે વ્યકત કરી છે.

ગાંધીનગરમાં આ વર્ષે ચોમાસાની મોસમનો મિજાજ કાંઇક અલગ જ જોવા મળ્યો છે. સમગ્ર રાજયમાં પણ વરસાદી મોસમે જમાવટ કરતા સૌરાષ્ટ્ર સહીતના વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ રહી હતી વરસાદના ત્રણ રાઉન્ડ પુરા થઇ ગયા છે. જયારે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી બાદ ગાજવીજ અને વિજકડાકા સાથે વરસાદી મોસમ રાજયમાં નિખરી છે. સુસવાટા મારતા પવન સાથે વરસાદ તોફાની બનતા પાણીના ભરાવા ઉપરાંત રાજયમાં વિવિધ જગ્યાએ અનેકવિધ સમસ્યાઓ પણ ઉદભવી છે. અલબત્ત વરસાદના આક્રમક મિજાજથી રાજયનુ જનજીવન પ્રભાવિત છે. હજુ પણ મેઘરાજા બઘડાટી બોલાવશે તેવા સંકેતો હવામાન તજજ્ઞોએ આપ્યા છે. ચોથા રાઉન્ડમાં પણ ભારે વરસાદ વરસશે તેવી સંભાવના હવામાન તજજ્ઞોએ વ્યકત કરી છે. જયારે જિલ્લામાં અત્યાર સુધીના વરસાદી આંકડા પર નજર કરીએ તો મૌસમનો સૌથી વધુ વરસાદ દહેગામ તાલુકામાં નોંધાયો છે. દહેગામ તાલુકામાં ૫૨૨ મી મી સાથે ૬૫ ટકા વરસાદ થયો છે. જયારે સૌથી ઓછો વરસાદ કલોલ તાલુકામાં થયો છે. કલોલમાં માત્ર ૨૯.૪૪ ટકા વરસાદ નોંધાયો છે. કલોલમાં માત્ર ૨૩૪ ટકા વરસાદ થયો છે. આ ઉપરાંત ગાંધીનગર તાલુકામાં

● અનુસંધાન પાન-૭ પર



સાબરમતી નદીમાં પાણી આવતા સંત સરોવરના દરવાજા ખોલવામાં આવ્યા હતા. હાલમાં એક દરવાજો ખુલ્લો રાખીને વધારાના પાણીને વહાવી દેવામાં આવી રહ્યું છે. નદીના પાણી સાથે હાલમાં અનેક માછલીઓ સંત સરોવરમાં આવી છે. પાણી છોડવામાં આવતા માછલીઓ પાણી સાથે વહી રહી છે તેને પકડવા સ્થાનિક માછીમારો પહોંચી ગયા છે. માછીમારો પાણીમાં જાળ પાથરીને અને અન્ય ઉપાયો અજમાવીને માછલી પકડી રહ્યા છે.

# મતદાન મથકોના પુનઃગઠનને લઈ જિલ્લામાં ૩૧મીએ મંથન થશે

**ગાંધીનગર(દ) અને કલોલમાં મતદાન મથકો વધશે તો ગાંધીનગર (ઉ)માં મતદાન મથકો ઘટે તેવા સંકેતો**

ગાંધીનગર, તા. ૨૭

મતદાન મથકોના પુનઃગઠનની દરખાસ્ત તૈયાર કરવાને લઈ ૩૧મી જુલાઈના રોજ જિલ્લા કલેક્ટર હિતેષ કોયાના અધ્યક્ષપદે રાજકીય પક્ષોના આગેવાનો સાથે બેઠક યોજાશે.

લોકસભા ચૂંટણી પૂર્વે મતદાન મથકોના પુનઃગઠનની કવાયત ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવી છે. આ પુનઃગઠનની દરખાસ્તને પગલે રાજકીય પક્ષોના આગેવાનોની સક્રિયતા પણ વધી છે. તેઓ ક્યાં કેટલા મતદારો ઘટ્યા ?, ક્યાં કેટલા વધ્યા ?, ફેરફાર કેવી રીતે કરવો જોઈએ ?, જુના અને જર્જરિત મતદાન મથકોના સ્થળમાં ફેરફાર ક્યાં ક્યાં જરૂરી છે તે બધા જ પ્રશ્નોના ઉત્તરો સાથે આ બેઠકમાં મહત્વનું મંથન થશે આ પછી તંત્ર દ્વારા દરખાસ્તને આખરી ઓપ આપી પંચની મંજૂરી માટે મોકલવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર(દ) વિધાનસભા બેઠક પર ૭ જેટલા મતદાન મથકો ઉમેરાશે જયારે કલોલ વિધાનસભામાં ૩ મતદાન મથકો વધશે. ગાંધીનગર(ઉ)માં એક મતદાન મથક ઘટશે તેમ હાલ જણાઈ રહ્યુ છે.

જો કે આ બેઠક પછી કેટલાક ફેરફારો કઈ-કઈ બેઠકના મતદાન મથકોમાં થશે તેની વિગતો પ્રાપ્ત થશે.

તંત્ર દ્વારા હાલ આ અંગે કવાયત ચાલી રહી છે. બીજી તરફ મતદારયાદીની સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ સંપન્ન થયા પછી આખુ ચિત્ર સ્પષ્ટ થશે.

જો કે ગાંધીનગર(ઉ) બેઠક પર મતદારોની સંખ્યા ઘટશે તેવુ અનુમાન છે. ગાંધીનગર શહેરમાં નવા આવાસો બનાવવામાં આવી રહ્યા છે અને જુના તોડવામાં આવી રહ્યા છે તેથી સ્થળાંતરિત થતા મતદારો મોટી સંખ્યામાં મળે તેવી સંભાવનાઓ છે.

બીજી તરફ ગાંધીનગર(દ)નો વિસ્તાર જે ઝડપથી વિકાસની હરણફાળ ભરી રહેલ છે તેને લીધે વસ્તીનું ભારણ વધવા પામેલ છે અને ત્યાં સ્થળાંતરિત મતદારો તેમજ નવા મતદારો વધુ નોંધાશે તેથી આ બેઠક વધુ મોટી બનશે તેમજ મતદાન મથકો પણ વધશે તેમ સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.

જિલ્લાતંત્રને રાજકીય પક્ષો તરફથી પણ પુનઃ ગઠનને લઈ કેટલાક સૂચનો મળ્યા હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં મતદાન મથકોના પુનઃગઠન તેમજ મતદારયાદી સુધારણા અભિયાનને લઈ જિલ્લામાં રાજકીય આગેવાનોની સક્રિયતાથી રાજકીય ચહલપહલો વધી જવા પામી છે.

જિલ્લામાં મતદાનમથકોના પુનઃગઠન માટે અધિકારીઓ દ્વારા પણ મતદાન મથકોની ચકાસણીની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

**આગામી ૫ અને ૬ ઓગષ્ટના રોજ અડાલજ ખાતે**

# જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યોનો પ્રશિક્ષણ વર્ગ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો માટેનો પ્રશિક્ષણ વર્ગ ૫ અને ૬ ઓગષ્ટના રોજ અડાલજ ખાતે યોજાશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં હાલ ભાજપના ૧૮ સભ્યો છે. જિલ્લા પંચાયતની એક બેઠક ખાલી છે.

જિલ્લા પંચાયતના સદસ્યો માટે પહેલીવાર આ પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યુ છે. બે દિવસ અને એક રાત્રિ નિવાસ સાથેના આ પ્રશિક્ષણ વર્ગનો ૫ મીએ પ્રારંભ થશે.

જિલ્લા સંગઠન દ્વારા આ પ્રશિક્ષણ વર્ગને લઈ ખાસ સૂચનાઓ સાથેના આમંત્રણ પત્ર પણ દરેક સભ્યને મોકલી આપવામાં આવ્યો છે. જેમાં બધા જ સભ્યો એક જ વાહનમાં અભ્યાસવર્ગના સ્થળે પહોંચે તેવો આગ્રહ કરવામાં આવ્યો છે. બીજુ મહિલા સદસ્યો સાથે પરિવારના કોઈ સભ્યને પ્રશિક્ષણ વર્ગમાં કે સ્થળે પ્રવેશ નહિ અપાય.

દાદા ભગવાન, ત્રિમંદિર અંબાભવન અડાલજ ખાતે આ પ્રશિક્ષણ વર્ગનો ૫ મીએ બપોરના આરંભ થશે. આ પ્રશિક્ષણ વર્ગમાં પ્રદેશ આગેવાનો દ્વારા ખાસ શિક્ષણવર્ગ લેવામાં આવશે.

ખાસ કરીને મોદી શાસનના નવ વર્ષની સફળતાઓ, કિસાન સમૃદ્ધિ માટે લેવાયેલા પગલાંઓ, જિલ્લામાં વિકાસના સર્વગ્રાહી કામો સહિતના મુદ્દાઓ પર આ ચર્ચા આ પ્રશિક્ષણ વર્ગમાં થશે. આ ઉપરાંત આગામી કાર્યક્રમો તેમજ લોકસભાની ચૂંટણી માટેની રણનીતિ સંદર્ભે સભ્યો પાસેથી સૂચનો મેળવવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

# જન્મ-મરણની નોંધણી માટે ઉત્તર ઝોનના રહીશોને અન્યાય : કોંગી

ગાંધીનગર, તા. ૨૭

ઉત્તર ઝોનમાં જન્મ મરણની નોંધણી નહિ કરવામાં આવતી હોવાના કારણે આ ઝોનના ગ્રામ્ય વિસ્તારના લોકોને ગાંધીનગરની કચેરી સુધી ધક્કા ખાવા પડે છે અને લોકોની પરેશાની વધી છે.

ઉત્તર ઝોનના રહીશોને અન્યાય કરવામાં આવી રહ્યાનો આક્ષેપ કોંગીના અંકિત બારોટ અને ગજેન્દ્રસિંહ વાઘેલાએ આજે એક નિવેદનમાં કર્યો છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની ૨૫મીના રોજ સામાન્ય સભા મળી હતી. જેમાં પેથાપુર ગામ, રાંધેજા, જુના સેક્ટરો જેવા કે સે.૨૬, ૨૭, ૨૮, ૨૯ અને ૩૦માંથી મને વારંવાર રજૂઆત મળતી હતી કે, ઉત્તર ઝોનમાં આવતી પેથાપુર ખાતેની કચેરીમાં રોજના ૫૦ જેટલા નાગરિકો જન્મ અને મરણની નોંધણી માટે આવે છે, પરંતુ આ કચેરી ખાતે જન્મ-મરણ નોંધણીની કામગીરી ન થતાં મુખ્ય કચેરી અને જુની કચેરીમાં ધક્કા ખાવા પડે છે. પેથાપુર ગામમાં આવેલ મહાનગર પાલિકાની કચેરી રાંધેજા અને જુના સેક્ટરોથી નજીકના અંતમરાં છે, પેથાપુર વૉર્ડના ૩૦ હજાર લોકો તથા રાંધેજા ગામના ૧૨ હજાર લોકો અને આસપાસના સેક્ટરોના ૧૦ હજાર લોકો જેઓને કામ માટે મહાનગરપાલિકા દ્વારા ઉત્તર ઝોનની કચેરી પેથાપુર ખાતે બનાવવામાં આવી છે ત્યાં જ જન્મ-મરણની નોંધણી જેવા મહત્વના કામ થતાં નથી. લોકો વેરો ભરવા, સફાઈની ફરિયાદ કરવા આવે છે ત્યારે તેઓને જન્મ-મરણની નોંધણી પણ આ જ કચેરી ખાતે થઈ જાય તો લોકોનો સમય બને અને સરળતા રહે તે માટે મારા દ્વારા ગત સામાન્ય સભામાં આ સંદર્ભે દરખાસ્ત કરેલ હતી, પરંતુ મેયર દ્વારા રાજકીય કિન્નાખોરી રાખવી તે ખૂબ જ દુઃખદ બાબત છે. મારા દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત જો મંજુર કરવામાં આવી હોત તો આસપાસના વિસ્તારના ૫૦ હજાર જેટલા લોકોને ફાયદો થઈ શક્યો હોત.

# વરસાદમાં એસ ટી ડેપાની છતમાંથી પાણી ટપકતુ હોવાની વ્યાપક ફરિયાદો

**મુલાકાતીઓ પરેશાન : વર્ષો જુના ડેપો બિલ્ડીંગના રીનોવેશન માટે પણ ઝડપથી કામ હાથ ધરવામાં આવે તેવી લાગણી**

ગાંધીનગર તા ૨૭

સ્માર્ટ ગાંધીનગરના એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતી અને સુવિધાના નામે શુન્યવકાશ સર્જાયેલો છે. બસમાં ચઢતી વેળાએ રોજબરોજ મુસાફરોના ખિસ્સા કપાય છે. જાણભેદુ ગઠીયાઓથી ઘેરાયેલા એસ ટી ડેપોમાં અનેક રજુઆતના અંતે પોલીસ પહેરો ગોઠવવામાં આવતો નથી ત્યારે ડેપોનુ વર્ષો જુનુ બિલ્ડીંગ પણ કંગાળ જોવા મળી રહ્યુ છે. વરસાદી દિવસોમાં છતમાંથી પાણી ટપકતુ હોવાની ફરિયાદો પણ મુસાફરો માટે હાલાકીનુ કારણ બની છે. આવા સંજોગોમાં રીનોવેશનની કામગીરી પણ ઝડપથી હાથ ધરવામાં આવે તેવી લાગણી પ્રબળ બની છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં દાયકાઓના અંતે પણ મુસાફરલક્ષી સુવિધાઓનો અભાવ છે. જયારે રોજબરોજ મુસાફરો પીક પોકેટીંગનો પણ ભોગ બની રહ્યા છે. જેના લીધે બસમાં ચઢતા મુસાફરોના ખિસ્સા પણ કપાય છે. આ સ્થિતિ વચ્ચે મુસાફરોની સલામતી સામે પણ પ્રશ્નાર્થ મંડરાયો છે. એકબાજુ અમદાવાદ બરોડા જેવા શહેરમાં ડેપોને વિકસાવી મોડેલ સ્વરૂપ આપવામાં આવ્યુ છે ડેપોમાં મુસાફરો માટે સઘળી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. જેની સાપેક્ષમાં સ્માર્ટ બનવા તરફ આગળ વધતા ગાંધીનગર ડેપોની હાલત તદન વિપરિત છે. શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ડેપોમાં મુસાફરોએ બસમાં બેસતી વેળાએ ખિસ્સા પકડી રાખવા પડે તેવી સ્થિતિ છે ત્યારે મુસાફરોને ઉભા રહેવા માટે યોગ્ય છત પણ મળતી નથી ડેપો સંકુલમાં સ્વચ્છતાનો અભાવ વર્તાઇ રહ્યો છે. તો બીજીતરફ ડેપોના જુના બિલ્ડીંગમાં રીનોવેશનની કામગીરી પણ હાથ ધરવામાં આવતી નથી જેના લીધે વરસાદી દિવસોમાં ડેપોમાં છતમાંથી પાણી ટપકતુ હોવાની ફરિયાદો પણ મુસાફરો કરી રહ્યા છે. શહેરમાં ડેપો સંકુલમાં ધાળા દિવસે પણ મુસાફરોના ખિસ્સા ગમે ત્યારે કપાય છે. મોંઘાદાટ મોબાઇલની પણ ઉઠાંતરી આંખના પલકારામાં કરતા ગઠીયાઓ પણ બિન્દાસ્ત બન્યા છે. જયારે પાટનગર હોવાના નાતે ગાંધીનગરના ડેપોમાં રાજયના વિવિધ શહેરોમાંથી આવતા મુલાકાતીઓની સંખ્યા પણ વધુ છે. શહેરમાં સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓમાં વિવિધ કામકાજ અર્થે આવતા મુલાકાતીઓમાં પણ આ સ્થિતિ વચ્ચે ભય પ્રવર્તયો છે. જયારે ડેપો સંકુલમાં અન્ય કોઇ સુવિધાઓ પણ ન હોવાથી વરસાદી દિવસોમાં સમસ્યા વધુ ગંભીર બને છે. ડેપોનુ બિલ્ડીંગ દાયકાઓ જુનુ છે જયારે તેના રીનોવેશન માટે પણ ડેપો કક્ષાએથી અગાઉ દરખાસ્ત કરવામાં આવી છે. વરસાદી સંજોગોમાં ડેપોની છતમાંથી પાણી ટપકતુ હોવાની ફરિયાદો પણ મુલાકાતીઓ કરી રહ્યા છે આવા સંજોગોમાં ડેપોના રીનોવેશનનુ કામ પણ ઝડપથી હાથ થાય તેવી લાગણી પ્રબળ બની છે.


# સાવધાન... સ્માર્ટ ગાંધીનગરની બિહામણી ફુટપાથ પર ગમે ત્યારે ગોથુ ખાઇ જશો...

**શહેરમાં અંદાજિત ૯૫ કી મી માં પથરાયેલુ ફુટપાથનુ નેટવર્ક ચિથરેહાલ : ખોદકામના અંતે ઉબડ ખાબડ બનેલા વોક વે પર જોખમી દ્રશ્યો : સ્માર્ટ સીટીની ફુટપાથ માય ફુટ.....**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં ફુટપાથની હાલત છેલ્લા પાંચ વર્ષથી ચિથરેહાલ છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના એપ્રોચ રસ્તાઓની આસપાસ પથરાયેલી ફુટપાથનુ નેટવર્ક અંદાજિત ૯૫ કી મીનુ છે. કોરોનાકાળમાં વાઇબ્રન્ટ સમિટનુ આયોજન થયુ નથી જેના લીધે સમયાંતરે હાથ ધરવામાં આવતી ફુટપાથની જાળવણી પણ વિસરાઇ છે. બીજીતરફ સતત ખોદકામના લીધે ફુટપાથ ફંગોળાઇ ગઇ છે. વોક વે પર મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જયારે વોકીંગ કરાનારા પણ ગમે ત્યારે ગોથુ ખાઇ જાય તેવી સ્થિતિ છે. શહેરમાં સે- ૪ થી ખ માર્ગ તરફ પણ ફુટપાથની હાલત અત્યંત કંગાળ જોવા મળે છે. કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથની યોગ્ય જાળવણીના અભાવે સ્થાનિકો ત્રાહીમામ છે.

ગાંધીનગર શહેરની ફુટપાથ છેલ્લા પાંચ વર્ષથી ચિથરેહાલ છે. આમ તો દર વખતે વાઇબ્રન્ટ વેળાએ વોક વે ની જાળવણી કરવા માટે તુટેલા બ્લોક રીપેર કરવા તેમજ કર્બિંગને કલર કરવાની કામગીરી હાથ ધરવામાં આવે છે. પરંતુ કોરોના કાળમાં વાઇબ્રન્ટનુ આયોજન પણ થઇ શક્યુ નથી જેના લીધે શહેરમાં આમ નાગરિકોને નડતરરૂપ નાની મોટી સમસ્યાઓનો ભરાવો થયો છે. તો કેટલાક ઠેકાણે નાની સમસ્યાઓએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ છે. ફુટપાથની દશા પણ આવી જ છે. શહેરમાં દોઢ દાયકા પુર્વે ફુટપાથનુ નિર્માણ કરાયુ હતુ જયારે વોક વે ના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે.



સૌ પ્રથમ ઘ-૫ થી સરકીટ હાઉસ સુધીના માર્ગની આસપાસ ફુટપાથનુ નિર્માણ કરાયુ હતુ ત્યારબાદ તબક્કાવાર વિવિધ માર્ગો આસપાસ ફુટપાથ તૈયાર કરવામાં આવી હતી જો કે સેકટરોના એપ્રોચ પાસે પણ વોક વે બનાવી દેવાયો છે. શહેરમાં ફુટપાથનુ નેટવર્ક અંદાજિત ૯૫ કી મી છે. જયારે ફુટપાથની જાળવણીના નામે મીંડુ છે. શહેરના સર્કલો પણ કંગાળ જોવા મળી રહ્યા છે. જયારે ફુટપાથ પણ ફંગોળાઇ ગઇ છે. વોક વે પર ઠેર ઠેર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. તો કેટલાક ઠેકાણે આખે આખી ફુટપાથ બેસી ગઇ છે. અગાઉ વરસાદી પાણીના નિકાલની લાઇન નાંખવામાં આવ્યા બાદ ઘણાં ઠેકાણે ફુટપાથ જમીનમાં ગરકાવ થઇ ગઇ હતી. જો કે ત્યારબાદ પણ પાટનગર

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

Pidilite Roff TILE & STONE FIXING EXPERT

Birla White THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

LED TV રીપેરીંગ

ગાંધીનગર માટે આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો.

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ટચુકડી જાહેર

દર રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧



વરસાદના ત્રીજા રાઉન્ડનુ જોર ઓછુ થઈ ગયુ છે. સતત બીજા દિવસે ઉઘાડ નીકળ્યો હતો. વાદળોનો જમાવડો ઓછો થઈ ગયો હતો. દિવસ દરમ્યાન ક્યારેક ક્યારેક વાદળો ઘેરાઈ આવતા હતા અને હળવુ ઝાપટુ પડી જતુ હતુ. માર્ગો ભીના થઈ જતાં હતા. જો કે હળવા ઝાંપટા સિવાય આખો દિવસ ઉઘાડ રહ્યો હતો અને બફારો પણ ખુબ અનુભવાતો હતો.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com